Club ID. 52203 | Charter Date 02-06-1999 | RI District 3060

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN -JANUARY 2026

JAN 2026

# Rotary Gatha

| | | | | | |
|---|---|---|---|---|---|
| RI PRESIDENT<br>RTN. FRANCESCO AREZZO | DISTRICT GOVERNOR<br>RTN. AMARDEEP SINGH BUNET | PRESIDENT<br>RTN. KIRIT VANKADI | SECRETARY<br>RTN. HITESH VEKARIYA | MONTH LEADER<br>RTN. CHINTAN PATEL | BULLETIN CHAIR<br>RTN. VIPUL PANSURIYA |

**PRESIDENT**



RTN. KIRIT VANKADI

**SECRETARY**



RTN. HITESH VEKARIYA

**MONTH LEADER**



RTN. CHINTAN PATEL

**BULLETIN CHAIR**



RTN. VIPUL PANSURIYA









01 પ્રેસીડેન્ટ સંદેશ
02 શિક્ષક દેવો ભવઃ
03 શિક્ષક દેવો ભવઃ
04 મેરાથોન ૨૦૨૬
05 સ્વેટર વિતરણ
06 ૨૬ મી જાન્યુઆરી
07 શિક્ષક દેવો ભવઃ
08 બર્થ ડે સેલીબ્રેશન
09 બોર્ડ મિટીંગ
10 જનરલ મિટિંગ
11 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

# 01 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, સૌ રોટેરીયન મેમ્બર્સ, બોર્ડ મેમ્બર્સના સહિયારા પ્રયાસોથી આપણે જાન્યુઆરી મહિનામાં સફળ પ્રોજેકટ કરી શકયા છીએ. તે માટે આપ સૌ રોટેરીયન મિત્રોને અને વિશેષ મંથ લીડર રો. ચિંતન પટેલ ને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.



તા. ૧૧/૦૧/૨૦૨૬ ના રોજ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને રોટરેક્ટ ક્લબ ઓફ સુરત ઈસ્ટ સાથે મળીને મેગા મેરાથોનનું આયોજન કરેલ, જે મેરાથોનમાં આશરે ૨૦૦૦ મેરાથોન વિરોએ ભાગ લીધેલ અને મોટી સંખ્યામાં રોટરી મેમ્બરો તથા રોટરેક્ટ મેમ્બરો જોડાયેલા હતા. ત્યારબાદ આપણી ક્લબના મેમ્બરોનો સાથ અને સહકાર તથા યોગદાનથી ૨૫૦ સ્વેટરો એકત્ર કરીને તા. ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ શ્રી કે.કા. શાસ્ત્રી પ્રાથમીક શાળા કોસાડ આવાસ, અમરોલી અને આંબાતલાવડી આવાસ, કતારગામ મુકામે સ્વેટર ડિસ્ટ્રીબ્યુશનનો કાર્યક્રમ કરેલ તથા તા. ૨૬/૦૧/૨૦૨૬ ના રોજ આશાદીપ સ્કુલમાં ૭૭ માં પ્રજાસતાક ગણતંત્ર દિવસની ઉજવણી કરેલ તથા સંગે મર મર યાને ડિસ્ટ્રીકટની મોટામાં મોટી ઈવેન્ટ ડિસ્ટ્રીકટ કોન્ફરન્સ આગ્રા મુકામે તા. ૩૦/૦૧/૨૦૨૬ થી તા. ૦૧/૦૨/૨૦૨૬ ના રોજ આયોજીત થયેલ જેમાં આપણી ક્લબના ૧૫ થી વધુ રોટેરીયન મિત્રો કોન્ફરન્સમાં જઈને સાથે મજા માળેલ. આ ઉપરાંત જાન્યુઆરી માસમાં તા. ૦૩/૦૧/૨૦૨૬ તથા તા. ૧૦/૦૧/૨૦૨૬ તથા ૩૦/૦૧/૨૦૨૬ ના રોજ શિક્ષક દેવો ભવઃ કાર્યક્રમમાં આપણે ત્રણ અલગ અલગ સ્કુલોમાં જઈને ત્રણ અલગ અલગ શિક્ષકોને સન્માનિત કરીને આપણી નવી પેઢીને તૈયાર કરનાર ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી તે આપણા માટે ગૌરવની વાત છે.

આગામી ફેબ્રુઆરી માસ સફળ થાય તે માટે મંથ લીડર રો. જયદિપ ગજેરા તેમજ આપ સૌ રોટેરીયન મિત્રોને શુભકામના પાઠવું છુ અને ફેબ્રુઆરી મહિનામાં થતા પ્રોજેકટોમાં વધુમાં વધુ રોટેરીયન મિત્રો સમય, તન, મન અને ધન સહિત યોગદાન આપે એવી હું સૌને નમ્ર વિનંતી કરુ છું.

ભવિષ્યમાં સૌ રોટેરીયન મિત્રોના આવાને આવા સાથ અને સહકારથી રોટરીના ઉમદા અને સેવાકીય કાર્યોની સુવાસ ઘર ઘર સુધી ફેલાવીએ એવી અપેક્ષા સહ...

આપનો સાથી... આપનો સાથી...

**રો. કિરીટ વાંકડી**

કલબ પ્રેસીડેન્ટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

# 02 શિક્ષક દેવો ભવઃ

Rotary
Club Of Surat East




'જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...



**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૦૩/૦૧/૨૦૨૬ ને શનિવાર ના રોજ કસ્તુરબા વિદ્યાભવન, વેડરોડ ના સારસ્વત શિક્ષીકા શ્રી રીટાકુમારી એલ. પટેલ ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 03 શિક્ષક દેવો ભવઃ

Rotary
Club Of Surat East




'જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત  દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...



**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૧૦/૦૧/૨૦૨૬ ને શનિવાર ના રોજ કવિશ્રી સુંદરમ પ્રાથમિક શાળા-૨૪ ના સારસ્વત શિક્ષીકા શ્રી જયોતિબેન એમ. ભગત ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 04 મેરાથોન ૨૦૨૬


Rotary Club Of Surat East




આજના આધુનિક યુગમાં સમાજમાં આરોગ્ય, શિક્ષણ અને નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુ સાથે 'રન ફોર લિટરસી મેરેથોન-૨૦૨૬' તથા સે નો 'ટુડ્રગ્સ'ના સંદેશ સાથે રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ અને રોટરેક્ટ કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ભવ્ય મેરેથોન દોડનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનના મુખ્ય સૌજન્યદાતા તરીકે સુરત શહેરના જવેલરી ક્ષેત્રે અગ્રેસર નામ ધરાવતા વીર ગોલ્ડ એન્ડ ડાયમંડ દ્વારા ઉદાર સહયોગ આપવામાં આવ્યોહતો. મેરેથોનમાં ભાગ લેનાર દોડવીરોનો ઉત્સાહ વધારવા માટે સુરત શહેરના પ્રથમ નાગરિક મેયર શ્રી દક્ષેશ માવાણી, સામાજિક અગ્રણી શ્રી કાનજીભાઈ ભાલાળા, તેમજ રોટરેક્ટ ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ ના ડીઆરઆર રો. રુચિત મહેતા અને ડીઆરઆરઈ રો. ભાવ્યા શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ ૨૦૦૦ થી વધુ નાગરિકોએ વહેલી સવારે ઝુંબા અને ડાન્સની ઉર્જાભરી પ્રવૃત્તિઓ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મેરેથોનને સુરત શહેરના મેયર શ્રી દક્ષેશ મેવાણી દ્વારા ફ્લેગ ઓફ કરીને પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રોજેક્ટનું સફળ સંચાલન રોટરી પ્રેસિડેન્ટ રો. કિરીટ વાકડી, સેક્રેટરી રો. હિતેશ વેકરીયા, રેસ ડિરેક્ટર રો. ડૉ. અમુલખ સવાણી, રેસ કો-ઓર્ડિનેટર રો. ડૉ. ચંદ્રેશ પટેલ, રો. વિજય માંગુકિયા, તથા મંથ લીડર રો. ચિંતન પટેલ ની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. આ સાથે રો. કલ્પેશ બલર અને રો. ભાર્ગવ કથીરિયા દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. રોટરેક્ટ કલબ તરફથી પ્રેસિડેન્ટ રો. ભૌતિક બોરડ, સેક્રેટરી રો. ભૌતિક માલવિયા ની આગેવાની હેઠળ કો-ઓર્ડિનેટર રો. સતિષ વઘાસિયા, તેમજ પ્રોજેક્ટ ચેરમેન રો. કૌશિક ભીંગરાડિયા અને રો. હર્ષિલ પ્રજાપતિ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન દ્વારા સમાજમાં આરોગ્ય, શિક્ષણ અને નશામુક્તિ માટેનો સંદેશ અસરકારક રીતે પહોંચાડવામાં આવ્યો હતો, જેને નાગરિકોએ ખુબજ ઉત્સાહપૂર્વક આવકાર્યો હતો. રન ફોર લિટરસી અને સે નો ટુ ડ્રગ્સના સંદેશ સાથે યોજાયેલી મેરેથોન દોડમાં મોટા સંખ્યામાં લોકો જોડાયા










# 05 સ્વેટર વિતરણ

Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા આયોજીત પ્રોજેકટ સ્વેટર વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન તા. ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૧) શ્રી કે.કા. શાસ્ત્રી પ્રાથમિક શાળા નં. ૨૯૩, અમરોલી મુકામે તેમજ ૨) હળપતિ વાસ, આંબાતલાવડી મુકામે યોજયેલ હતો.

આ કાર્યક્રમમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થી તેમજ બાળકોને સ્વેટર વિતરણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ઘણાં રોટેરીયન મેમ્બરોએ ભાગ લીધેલ હતો તે બદલ તેમનો ખુબ ખુબ આભાર...

**ચેરમેન**

**રો. પરેશ વઘાસીયા**











# 06 ૨૬ જાન્યુઆરી

Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા આયોજીત પ્રોજેકટ પ્રજાસતાકદિન ઉજવણી કાર્યક્રમનું સફળ આયોજન તા. ૨૬/૦૧/૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આશાદિપ આઈ.આઈ.ટી. સીમાડાનાકા મુકામે યોજયેલ હતો.

આ કાર્યક્રમમાં ઘણાં રોટેરીયન મેમ્બરોએ ભાગ લીધેલ હતો તે બદલ તેમનો ખુબ ખુબ આભાર...

**ચેરમેન**

રો. વિશાલ સોજીત્રા






# 07 શિક્ષક દેવો ભવઃ

Rotary
Club Of Surat East




'જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...



**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૩૦/૦૧/૨૦૨૬ ને શનિવાર ના રોજ શ્રી ભોગીલાલ ચુનીલાલ ગાંધી પ્રા. શાળા ના સારસ્વત શિક્ષીકા શ્રી શિલ્પાબેન સંજયકુમાર મકકા ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 08 બર્થ ડે સેલીબ્રેશન

Rotary
Club Of Surat East

| | |
|---|---|
| 03-01-1983 | Paresh Mansukhbhai Gondaliya |
| 03-01-1983 | Rasik Kadvabhai Savaliya |
| 06-01-1983 | Chirag Jayantibhai Kakadiya |
| 06-01-1983 | Chirag Rupareliya |
| 06-01-1983 | Nimesh Mansukhlal Ramolia |
| 07-01-1983 | Jitendra Sojitra(j.b.) |
| 11-01-1983 | Vipul Balubhai Pansuriya |
| 12-01-1983 | Kalpesh fatehlal shah |
| 15-01-1983 | Dr. Jaydev vitthalbhai Dhameliya |
| 16-01-1983 | Niran Govindbhai Kakadia |
| 17-01-1983 | Bhavinbhai JagdishBhai Panchani |
| 19-01-1983 | Jignesh Dhanjibhai Pansuriya |
| 29-01-1983 | Natvar Panchani |
| 30-01-1983 | Nikunjkumar Vipulbhai Malaviya |












RI District 3060
Rotary
Club Of Surat East

## 09 બોર્ડ મિટિંગ

૦૬/૦૧/૨૦૨૬,મંગળવાર





## 10 જનરલ મિટિંગ

૧૦/૦૧/૨૦૨૬, શનિવાર




# 11 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

Rotary Club Of Surat East
RI District 3060

નમસ્કાર રોટેરીયન મિત્રો,

આપ સૌ મિત્રોના સાથ અને સહકારથી જાન્યુઆરી મહિનામાં આપણે ખુબ મહત્વના અને સફળ એવા પ્રોજેક્ટ કરી શકયા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેક્ટ ચેરમેનશ્રીઓ અને યુનાઇટ બોર્ડ તથા જાન્યુઆરી મહિનાના મંથ લીડર રો.ચિંતન પટેલ તથા મંથના સપોટીવ બોર્ડ મેમ્બરો નો હૃદયના ઉમળકા થી આભાર વ્યક્ત કરું છું

મિત્રો ફેબ્રુઆરી માસમાં એવા મંથ લીડર રો.જયદીપ ગજેરાની આગેવાનીમાં જે પ્રોજેક્ટ થવાના છે તેની અંદાજીત તારીખ પ્રોજેક્ટ હેતુ આપ સૌની જાણ માટે નીચે આપેલ છે જે તમામ પ્રોજેક્ટમાં આપ સૌ આપને અનુકૂળતા મુજબ સાથ સહકાર અને અચુક હાજરી આપીને સંપુર્ણ ફેબ્રુઆરી માસને સફળ બનાવીએ.

૧. સ્પીકર મીટીંગ

આપણી કલબ સ્પીકર મીટીગ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ રવિવારે સાસુમા ગુજરાતી થાળી, મજુરાગેટ, સુરત સ્પીકર એવા ડૉ.નરેશ ગાબાણી દ્વારા PANCREAS, LIVER & GASTROINTESTINAL ROBOTIC SURGEON પર વિસ્તુત માહિતી આપવાના છે જે સ્પીકર મીટીગ કપલ સ્પીકર મીટીગ વીથ ડીનર રહેશે. જેમા વધુ ને વધુ રોટેરીયન કપલમાં જોડાય તેવી અપેક્ષા.

૨. સેનેટરી પેડ ડિસ્ટ્રીબ્યુશન

આપણી કલબ દ્વારા એસબીઆઇ બેંકના સૌજન્ય થી સાધના વિધાભવન, શ્રી સુરત ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઇ સ્કુલ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નનસાડ મુકામે પુનઃઉપયોગી કાપડના સેનેટરી પેડ વિતરણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવેલ છે આ સેવાના કાર્યમાં વધુ માં વધુ રોટેરીયનોની પત્નીઓ જોડાય તેવી અપેક્ષા.

૩. શિક્ષક દેવો ભવ:

આપણી કલબનો પરમીનેન્ટ પ્રોજેક્ટ એટલે શીક્ષક દેવો ભવઃ જે પ્રોગામમાં એક શિક્ષકનુ સન્માન થાય છે જે અગામી તા.૦૭/૦૨/૨૦૨૬, તા.૧૪/૦૨/૨૦૨૬, તા.૨૧/૦૨/૨૦૨૬, તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ આયોજીત થવાનુ છે જેમાં વધુ માં વધુ રોટેરીયન જોડાય તેવી અપેક્ષા.

૪. ડીસ્ટ્રીક્ટ ગર્વનર ઓફીસીયલ કલબ વિઝીટ (ઓસીવી)

રોટરી ૩૦૬૦ ના ડિસ્ટ્રીક્ટ ગર્વનર રો.અમરદીપસીંગ બુનેટ અને ફ્સ્ટ લેડી કમલજીત કોર બુનેટ આપણી કલબની વિઝીટ માટે આવી રહીયા છે આ ઓસીવી તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ આયોજીત થવાની છે જેની સમય અને સ્થળ ટુંક સમયમાં જાહેર થશે. તૈયાર છોને આ મીટીગ માટે સેવ ધ ડેટ.

૫. રોટરી સંજીવની પ્રીમીયગ લીગ-૩.૦

રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટ છેલ્લા ૨ વર્ષ થી રોટરી સંજીવની પ્રીમીયગ લીગ અંતર્ગત ક્રિકેટ ટુનામેન્ટનુ સફળ આયોજન કરતી આવેલ છે આ વર્ષ પણ તા.૦૯/૦૪/૨૦૨૬ થી તા.૧૨/૦૪/૨૦૨૬ સુધી શીવાય ક્રિકેટ ગ્રાઉન્ડમાં ક્રિકેટ ટુનામેન્ટનુ આયોજન કરેલ છે તમામ મિત્રો આ તારીખને સેવ કરીને રાખે અને ક્રિકેટ ટુનામેન્ટ માટે તૈયાર થઇ જાય.



આપનો સાથી..

**રો. હિતેશ વેકરીયા**

કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટ

# MEDIA NOTE

RI District 3060
Rotary
Club Of Surat East



રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ અને રોટરેક્ટ ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા મેરેથોન દોડ યોજાઈ

રન ફોર લિટરસી અને સે નો ટુ ડ્રગ્સના સંદેશ સાથે યોજાયેલી મેરેથોન દોડમાં મોટા સંખ્યામાં લોકો જોડાયા



અમુલ્ય ગુજરાત

"RUN FOR LITERACY - MARATHON 2026" તથા "SAY NO TO DRUGS"



મોતિશ્રી ટાઈમ્સ

BREAKING NEWS

તા.13/1/2026

"RUN FOR



- સૌરાષ્ટ્ર ગુજરાત ગાર્ડિયન સુરત

3



દિવ્ય ભાસ્કર સુરત-સિટી ભાસ્કર 04-01-2026

## નવનિયુક્ત પ્રિન્સિપાલનું સન્માન કરાયું

સુરત • કસ્તુરબા વિદ્યાભવનમાં નવનિયુક્ત પ્રિન્સિપાલ રીટાબેન પટેલનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં તેમને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગંગોત્રી એજ્યુકેશન ટ્રસ્ટના નિયામક જગદીશભાઈ એચ ભટ્ટ તથા શાળાના તમામ કર્મચારીઓએ પણ તેમને સન્માનિત કર્યા હતા.



JANUARY MONTH SUPPORTIVE BOD



અહેવાલ દિપકભાઈ પ્રજાપતિ

## કસ્તુરબા વિદ્યાભવનમાં નવનિયુક્ત પ્રિન્સિપાલનો સન્માન સમારોહ "શિક્ષક દેવો ભવ:"ના એજન્ડા હેઠળ

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers

# THE FOUR WAY TEST

THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO

વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી

1) Is it the truth?
   શું તે સત્ય છે?
2) Is it fair to all concerned?
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?
3) Will it build goodwill and better friendship?
   શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?
4) Will it be beneficial to all concerned?
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?


+91 97145 25888

rotarysurateast@gmail.com

Rotary Club Of Surat East

rotary_club_of_surat_east

rotarysurateast